જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૨/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૮૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૪૨	૧	૧૧૨૪૩	૧૭૩૭૪	૧	૧૭૩૭૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૯	૦	૬૯	૨૭૬	૦	૨૭૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૮૬૪	૪	૨૮૮૬૮	૩૦૧૬૬	૫	૩૦૧૭૧
કુલ		૪૪૮૭૭	૫	૪૪૮૮૨	૫૪૦૪૧	૬	૫૪૦૪૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૦	૧૧,૨૮,૪૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૨૨	૧,૨૨,૦૦૦/-

અપહરણ થયેલ સગીરાને છોડાવી તેના માં-બાપને સોંપતી ઘાટલોડીયા પોલીસ

ઘાટલોડીયા પોલીસ સ્ટેશન

ઘાટલોડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી અપહરણ થયેલ સગીરાને અપહરણ કર્તાના કબ્જામાંથી બિહાર ખાતેથી ગણતરીના દિવસોમાં છોડાવી પરત લાવી તેના માં-બાપને સોંપતી ઘાટલોડીયા પોલીસ

ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ગુ.ર.નં-એ-૧૧૧૯૧૦૪૪૨૧૦૦૪૯ ઇ.પી.કો કલમ-૩૬૩ ના કામના ફરીયાદી ભુદારામ મગારામ ચૌધરી રહે-ઘાટલોડીયા અમદાવાદ શહેર નાઓની ફરીયાદના કામે તેઓની સગીર વયની દિકરી ઉ.વ-૧૫ વર્ષ નાનીને ગઇ તા.૦૧/૦૨/૨૦૨૧ ના કલાક ૧૬/૩૦ વાગ્યાની આસપાસ સી..પી.નગર ખાતે આવેલ આઇડીયલ એજયુકેશન ખાતેથી કોઈ અજાણ્યો ઇસમ કોઇ કારણસર ફરીયાદીશ્રીના કાયદેસરના વાલીપણામાથી અપહરણ કરી લઈ ગયેલ હોવા બાબતે ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ થયેલ જે ગુનાની ગંભીરતાને ધ્યાને લઇ તકનીકી ઉપકરણોનો ઉપયોગ કરી ભોગ બનનાર સગીરાના મોબાઇલ નંબરથી માહિતી મેળવતા ભોગ બનનાર સગીરા બિહાર ખાતે હોવાની જાણકારી મળતા અત્રેના ઘાટલોડીયા પો.સ્ટેના અ.હે.કો જીવણભાઈ મેઘજીભાઈ બ.નં-૭૫૫૦ તથા અનાર્મ લોકરક્ષક ગંગારામ રૂપશીભાઈ બ.નં-૧૨૦૨૧ નાઓને તુરંત જ બિહાર ખાતે તપાસમાં મોકલી આપવામાં આવેલ અને સતત તકનીકી ઉપકરણો દ્વારા માહિતી મેળવી ખુબ જ ખંતપુર્વક મહેનત કરી ભોગ બનનાર સગીરાની ભાળ મેળવી તેણીને બલ્વાહટ,બિહાર ખાતેથી અપહરણ કર્તાના કબ્જામાંથી છોડાવી ભોગ બનનાર સગીરાનો કબ્જો મેળવી પરત અમદાવાદ ખાતે લાવી તેના વાલીવારસોને સોંપી પ્રસંશનીય અને બિરદાવા લાયક કામગીરી કરેલ છે.



વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન

ચોરીના વાહન સાથે આરોપીને પકડી લઇ દાણીલીમડા પો.સ્ટે ખાતે દાખલ થયેલ ગુન્હો શોધી કાઢતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કવોડ

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.સા.શ્રી તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી "ઇ" ડીવીઝન નાઓ તરફથી મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સુચના મળેલ હોય જે અનુસંધાને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઇન્સ્પેકટર એસ.જે.બલોચ સા.શ્રી તથા પો.ઇન્સ આર.આર.બંસલ સા.શ્રી ના માર્ગદર્શન હેઠળ મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સર્વેલન્સ સ્કવોડના પો.સબ.ઇન્સ વી.એન.શીંગરખીયા તથા સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના અ.પો.કો દિપેશ વાલજીભાઇ બ.નં.૫૭૩૨ તથા અ.પો.કો. વિજયકુમાર કાનજીભાઇ બ.ન.૧૩૦૮૦ નાઓને મળેલ સંયુકત બતામી હકિકત આધારે ખમાસા જવાહર ચોક પાસે વોચમાં રહી એક ઇસમ નામે અલતાફ ઉર્ફે અલ્તુ સાજીદઅલી જાતે સૈયદ ઉ.વ.૨૬ ધંધો.રી.ડ્રા રહે.મકાન નં ૫૨/એ બાબુભાઇના છાપરા સાઇટ એન્ડ સરવીસ ગજસહીદ કબ્રસ્તાન સામે દાણીલીમડા અમદાવાદ શહેર નાઓ પાસેથી એક એક્ટીવા જેનો R.T.O નં- GJ-27-R-8923 જેનો એંજીન નં-JF50E80507433 તથા ચેચીસ નં-ME4JF501D8508628 ની જેની આશરે કિ.રૂ.૨૦૦૦૦/- ની મતાની કબ્જે કરી સદરી એક્ટીવા ચોરી થવા બાબતે દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.એ-૧૧૧૯૧૦૧૨૨૧૦૨૨૪/૨૦૨૧ ધી.ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ ગુન્હો દાખલ થયેલ જે ગુન્હો શોધી લઇ સદરી ઇસમને સી.આર.પી.સી કલમ-૪૧(૧)(ડી) મુજબ કાયદેસરની કાર્યવાહી કરી દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે સોપવામાં આવેલ છે.તા-૧૧/૦૨/૨૦૨૧




પાસા અટકાયતની વિગત

શાહીબાગ પોલીસ સ્ટેશન (૧)

પ્રોહીબીશન સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પ્રોહીબીશન સંબંધી ગુનાઓની પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય તેમજ આવા બનાવોમા પકડાયેલ આરોપી વિરૂધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી કે. ડી. જાડેજા નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં દારૂ સંબંધી આરોપીઓ સોહીલ ઉર્ફે બટન સ/ઓ સિરાજૌદ્દીન નુરૂદ્દીન શેખ ઉવ.૨૬ રહે.રામલાલનો ખાડો,મેદાનની પાછળ, શાહપુર,દરવાજા બહાર, માધુપુરા, અમદાવાદ શહેર તથા જાવેદ ઉર્ફે ટીપુ સ/ઓ નિશારભાઇ વલીમોહમદ ચૌધરી (મુસ્લીમ) ઉ.વ.૩૨ રહે.રામલાલનો ખાડો,મેદાનની પાછળ, શાહપુર,દરવાજા બહાર, માધુપુરા, અમદાવાદ શહેર ના વિરૂદ્ધ શાહીબાગ પો.સ્ટે ગુ.ર.નં. ૧૧૧૯ ૧૦૩૧૨૦૧૧૧૩/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ), ૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧,૯૮(૨) મુજબના ગુનો નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૪૯/૨૦૨૧ તથા ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૫૦/૨૦૨૧ તા.૧૧/૦૨/૨૦૨૧ ના આધારે સદરી આરોપીઓની પાસા અટકાયતના હુકમની તા.૧૧/૦૨/૨૦૨૧ ના કલાક:૨૦/૦૦ વાગે બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે આરોપી નં.(૧) નાને અધિક્ષક શ્રી ખાસ જેલ પાલારા ભુજ તથા આરોપી નં.(૨) નાને અધિક્ષક શ્રી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપેલ.

આરોપીનુ નામ:-

(૧) સોહીલ ઉર્ફે બટન સ/ઓ સિરાજૌદ્દીન નુરૂદ્દીન શેખ ઉવ.૨૬ રહે.રામલાલનો ખાડો,મેદાનની પાછળ, શાહપુર,દરવાજા બહાર, માધુપુરા, અમદાવાદ શહેર

(૨) જાવેદ ઉર્ફે ટીપુ સ/ઓ નિશારભાઇ વલીમોહમદ ચૌધરી (મુસ્લીમ) ઉ.વ.૩૨ રહે.રામલાલનો ખાડો,મેદાનની પાછળ, શાહપુર,દરવાજા બહાર, માધુપુરા, અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-

(૧) પો.સબ.ઈન્સ.શ્રી એસ.એ.દેસાઈ તથા સર્વલન્સ ટીમના માણસો

(૨) મ.સ.ઇ વિરેન્દ્રસિંહ મકુભા (૩) અ.લો.ર.નિલમબેન નાથાભાઈ બ.નં.૭૨૪

(૪) અ.પો.કો.કુલદિપસિંહ ધનશ્યામસિંહ (૫) અ.લો.ર.પરેશકુમાર અણદાભાઇ

શાહીબાગ પોલીસ સ્ટેશન (૨)

પ્રોહીબીશન સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબીશન સંબંધી ગુનાઓની પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય તેમજ આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી કે.ડી.જાડેજા સા. નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં મિકલત સંબંધી ગુનાઓ કરતો ઈસમ મગન સ/ઓ અમરતલાલ ગૌતમભાઈ જાતે:રોત ઉ.વ.૨૩ રહે:ગોવાજીના છાપરા કલ્પેશ કેશાજી ભીલ નાઓના મકાનમાં ગોવાજીના છાપરા કુબેરપુરા ભીલવાસ અસારવા બ્રીજના છેડે અસારવા અમદાવાદ શહેર મુળ વતન:ગામ:ભીમદડી તા.થાણા સાગવાડા જી:ડુંગરપુર રાજસ્થાન ના વિરૂદ્ધ શાહીબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૧૦૧૮૭/ ૨૧પ્રોહી એકટ કલમ ૬૬(બી), ૬૫(ઇ), ૮૧ મુજબના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૫૪/૨૦૨૧ તા.૧૧/૦૨/૨૧ ના આધારે સદરી આરોપીની પાસા અટકાયતના હુકમની તા.૧૧/૦૨/૨૦૨૧ ના કલાક:૨૦/૧૦ વાગે બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે અધિક્ષક શ્રી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપેલ.

આરોપીનુ નામ:-

મગન સ/ઓ અમરતલાલ ગૌતમભાઈ જાતે:રોત ઉ.વ.૨૩ રહે:ગોવાજીના છાપરા કલ્પેશ કેશાજી ભીલ નાઓના મકાનમાં ગોવાજીના છાપરા કુબેરપુરા ભીલવાસ અસારવા બ્રીજના છેડે અસારવા અમદાવાદ શહેર મુળ વતન:ગામ:ભીમદડી તા.થાણા સાગવાડા જી:ડુંગરપુર રાજસ્થાન

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-

(૧) પો.સ.ઈન્સ એસ. એ. દેસાઈ તથા સર્વલન્સ ટીમના માણસો
(૨) મ.સ.ઇ વિરેન્દ્રસિંહ મકુભા
(૩) અ.લો.ર.નિલમબેન નાથાભાઈ બ.નં.૭૨૪
(૪) અ.પો.કો.કુલદિપસિંહ ધનશ્યામસિંહ
(૫) અ.લો.ર.પરેશકુમાર અણદાભાઇ

એરપોર્ટ પોલીસ સ્ટેશન

દેશી દારૂના ગુનામાં પકડાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી એરપોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'જી' ડીવીઝન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ હાલમાં ચાલી રહેલ સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી અનુસંધાને પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહીબિશનની પ્રવૃતીને અટકાવવા તથા પ્રોહીબિશન ની પ્રવૃતીમાં સંડોવાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ આર.આર.દેસાઇનાઓ તરફથી મે.પો.કમિસાશ્રીનાઓની કચેરી ખાતે આરોપી અજીત ઉર્ફે રવિભાઈ વિક્રમભાઈ ચુનારા ઉ.વ.૪૪ ધંધો.વેપાર રહે. બકરા પોળ, મિરઝાપુર રોડ, રેંટીયાવાડી બસ સ્ટેન્ડની પાછળ, શાહપુર અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા દરખાસ્ત પાઠવવામાં આવેલ પાસા દરખાસ્ત અનુસંધાને મે.પો.કમિ સા.શ્રીનાઓએ સદરી આરોપી વિરુધ્ધ પોલીસ કમિશ્નર.સા શ્રી ના હુકમ ક્રમાંક-PCB/DTN/PASA/૨૫૫/૨૦૨૧ તા-૧૧/૦૨/૨૦૨૧ થી મધ્યસ્થ જેલ ભુજનો પાસા હુકમ કરતા આરોપીને મધ્યસ્થ જેલ ભુજ ખાતે કેદ રહેવા મોકલી આપવા તજવીજ કરેલ છે.

આરોપીનું નામ : અજીત ઉર્ફે રવિભાઈ વિક્રમભાઈ ચુનારા ઉ.વ.૪૪ ધંધો.વેપાર રહે. બકરા પોળ, મિરઝાપુર રોડ,રેંટીયાવાડી બસ સ્ટેન્ડની પાછળ, શાહપુર અમદાવાદ શહેર

આરોપીઓ વિરુધ્ધ દાખલ થયેલ ગુના

એરપોર્ટ પો.સ્ટે પાર્ટ C-11191046201887/2020 પ્રોહી કલમ-૬૬(બી),૬૫(ઈ).૮૧,૯૮(૨) મુજબ મુદ્દામાલ- કુલ્લે ૨૦૨ લીટર દેશી દારૂની કિ.રૂ.૪૦૪૦/- તથા સેમ્પલ બોટલની કિ.રૂ.૦૦/૦૦ તથા ત્રણેય ટુ વ્હીલરની કીંમત રૂ. ૮૫૦૦૦/- તેમજ મોબાઇલ ફોન નંગ -૩ કુલ કીરૂ ૯૦૦૦/- મળી કુલ્લે રૂ. ૯૮૦૪૦/- નો મુદ્દામાલ

પાસા દરખાસ્તની કામગીરી કરનાર કર્મચારી :

પો.કો વિષ્ણુભાઇ પ્રેમજીભાઇ બ નં-૧૩૧૮૫. અ.હે.કો મનુભાઇ ડાહ્યાભાઇ, અ.પો.કો વિશ્વજીતસિંહ બળવંતસિંહ.



પીસીબી

આનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી હુન્ડાઈ આઈ ૧૦ કારમાંથી વિદેશી દારૂની બોટલો નંગ-૧૦૫૬ કિ.રૂ.૧,૦૫,૬૦૦/- મળી કુલ રૂપિયા ૩,૩૧,૧૦૦/- મુદામાલ સાથે એક આરોપીને ઝડપી પાડતી પી.સી.બી.

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ સુચના આપેલ જે સુચના આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૧૧.૦૨.૨૦૨૧ ના રોજ સ્ટાફના અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ, અહેકો યોગેન્દ્રસિહ હઠીસિહ, અહેકો મુકેશભાઈ રામાભાઈ,અહેકો શૈલેષભાઈ દેવાભાઈ તથા અહેકો કૃષ્ણરાજસિંહ હનુભા વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો મુકેશભાઈ રામાભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે આનંદનગર ૧૦૦ ફુટ રોડ ધનંજય ટાવરની પાછળ આવેલ ધનંજય બંગલા ન.૧૬ ની સામે જાહેર રોડ ઉપર પડેલ હુન્ડાઈ આઈ ૧૦ કાર નંબર જી.જે.૨૩ બી.ડી.૦૧૪૨ માથી વિદેશી દારૂની સીલબંધ બોટલો નંગ ૧૦૫૬ કિમત રુપિયા ૧,૦૫,૬૦૦/ ની તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૩,૩૧,૧૦૦/ના મુદામાલ સાથે કારચાલક આરોપી લક્ષ્મણસિહ સોહનસિહ કુમાવત ઉ.વ.૨૪ રહે. લોંગ સ્ટે હોટલ હેબતપુર ચાર રસ્તા એસ.જી.હાઈવે અમદાવાદ મુળ રહે.ગામ- બડુદીયા તા.- ગોગુદા જી.ઉદેપુર રાજસ્થાન ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી આનંદનગર પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૦૧૨૧૦૦૪૦/૨૦૨૧ પ્રોહિ એક્ટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપી:

લક્ષ્મણસિહ સોહનસિહ કુમાવત ઉ.વ.૨૪ રહે. લોંગ સ્ટે હોટલ હેબતપુર ચાર રસ્તા એસ.જી.હાઈવે અમદાવાદ મુળ રહે.ગામ- બડુંદીયા તા.- ગોગુદા જી.ઉદેપુર રાજસ્થાન

વોન્ટેડ આરોપીઓ :

(૧)ઈશ્વરસિહ સિસોદિયા (૨) મહેન્દ્ર ટીકુ (૩) વદનસિહ સ.ઓ.ચંદનસિહ (૪) સુરેશ કલાલ તમામ રહે.રાજસ્થાન

ગુનાની જગ્યા :

આનંદનગર ૧૦૦ ફુટ રોડ ધનંજય ટાવરની પાછળ આવેલ ધનંજય બંગલા ન.૧૬ ની સામે જાહેર રોડ ઉપર

પકડાયેલ મુદામાલ

(૧) ભારતીય બનાવટના વિદેશી દારુની સીલબંધ બોટલો નંગ ૧૦૫૬ કિ.રુ.૧,૦૫,૬૦૦/ (૨) મોબાઈલ ફોન નંગ ૧ કિ.રુ.૫૦૦૦/ (૩) રોકડા નાણા રુ.૫૦૦/ (૪) હુન્ડાઈ આઈ ૧૦ કાર નંબર જી.જે.૨૩ બી.ડી.૦૧૪૨ કિ.રુ.૨,૦૦,૦૦૦/ (૫) એકસેસ નંબર જી.જે.૦૧યુ.ઝેડ.૩૨૫૯ કિ.રુ.૨૦,૦૦૦/ (૬) કાળા કલરનુ કપડુ કિ.રુ.૦૦ મળી કુલ્લે રુપિયા ૩,૩૧,૧૦૦/ ની મત્તાનો મુદામાલ







નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૮૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૨૧૮ લીટર દેશી દારૂ, ૧૧૨૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩ બિયર ટીન, ૧ મોટર સાયકલ, ૨ સ્કુટર અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૫,૬૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૮૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૮૪/૨૦૨૧**

રામોલઃ લલિતભાઇ બિપીનચન્દ્ર શ્રીમાળી (રહે. સીતારામ સીટી દેવી બંગલો સામે ગોપી ડેરીના ઢાળમાં મહાદેવનગર ટેકરા રોડ વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૨/૨૦૨૧ સાજના ૬/૦૦ થી તા.૧૧/૦૨/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૨,૮૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

ચોરી :- **સમાચાર યાદી નં.૨૮૫/૨૦૨૧**

કાલુપુરઃ જીતેન્દ્રભાઇ મોહનભાઇ ક્રિપલાની (ઉ.વ.૩૮)(રહે. સમીક્ષા એપાર્ટમેન્ટ પંજાબી હોલ પાસે નવરંગપુરા બસ સ્ટેન્ડ પાસે નવરંગપુરા) એ તા.૧૧/૦૨/૨૦૨૧ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જુન/૨૦૧૯ થી તા.૦૨/૦૨/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર રીલીફ રોડ મુર્તીમંત કોમ્પલેક્ષ સેકન્ડ ફ્લોર દુકાન નંબર-૨૨૬ “રાજ કવર હાઉસ” નામની જીતેન્દ્રભાઇની દુકાનમાં કામ કરતા આરોપી ધીરેન ઉર્ફે મંગો રશ્મિકાન્ત ચૌહાણ તથા વિનય જીતેન્દ્રભાઇ ચૌહાણ નાઓ દુકાનમાંથી સ્માર્ટ વોચ, બ્લ્યુટુથ, ટફન ગ્લાસ, હેન્ડ્સ ફ્રી, મોબાઇલ ચાર્જર, યુ.એસ.બી. ડેટા કેબલ વિગેરે માલ-સામાન મળી કુલ કિમત રૂપિયા ૨૯,૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એચ.મછાર ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૨૮૬/૨૦૨૧**

નિકોલઃ અલ્પેશકુમાર દિપકસિહ ચાવડા (ઉ.વ.૩૨) (રહે.સરસ્વતીપાર્ક વિભાગ-૨ નારાયણનગર ખોડીયારનગર નિકોલ) તા.૧૧/૦૧/૨૦૨૧ કલાક ૬/૪૫ વાગ્યાના સુમારે નારાયણનગર ખોડીયારનગર ખાતે આવેલ રીવેરા ટેલર્સ સામેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક એકટીવા ઉપર આવેલ બે પુરૂષ અલ્પેશકુમારના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અલ્પેશકુમાર ચાવડાએ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી